**ક્રિ.કેસ. નં.૫૮૬૪૮/૨૦૨૦**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

**(૧)** હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા સી.આર.પી.સી. કલમ–૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઈન્ફોરમેશન રીપોર્ટ(એફ.આઈ.આર.) ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ ધ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાંના ભંગ બદલ આઈ.પી.સી. કલમ–૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટની કલમ–૩ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** સી.આર.પી.સી. કલમ–૧૯૫ મુજબ આઈ.પી.સી. ની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહિત) ના ગુના અંગેનું કોગ્નીઝન્સ સલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની **<u>લેખિત ફરીયાદ વગર લઈ શકાય નહીં</u>** એવી કાયદાકીય આદેશાત્મક જોગવાઈ કરવામાં આવેલ છે.

– એપેડેમીક ડીસીઝ એકટની કલમ–૩ મુજબ ગુનાના ભંગ બદલ ઈ.પી.કો. કલમ–૧૮૮ મુજબના ગુના સબંધે કાર્યવાહી કરવા જોગવાઈ કરવામાં આવેલી છે.

**(૩)** નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જયવંતસીંહ ફલજીતભાઈ વિરૂધ્ધ ગુજરાત રાજયના કેસમાં તારીખ. ૦૯/૧૨/૨૦૦૩ ના ચુકાદામાં <u>''આઈ.પી.સી. ની કલમ–૧૮૮ કોગ્નીજેબલ હોવાનું નામદાર અદાલતે અવલોકન કરેલ છે.''</u>

– કોગ્નીઝેબલ ગુનો એટલે કે, જેમાં પોલીસ વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે, તપાસ કરી શકે તેવો ગુનો, પરંતુ સી.આર.પી.સી. ની કલમ–૧૯૫ માં <u>સામાન્ય બાધ</u>(અપવાદ) કરવામાં આવેલ છે. તેમાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે, આઈ.પી.સી. ની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહિત) ના ગુના અંગેનું કોગ્નીઝન્સ સલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની **<u>લેખિત ફરીયાદ વગર લઈ શકાય નહીં.</u>** આમ, એકમાત્ર કોગ્નીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસની સત્તા રહેલી હોય એટલા માત્રથી સી.આર.પી.સી. ની કલમ–૧૯૫ ની ફરજીયાત અને આદેશાત્મક જોગવાઈનો બાધ નડે નહીં તેવું માની શકાય નહીં.

**(૪)** <u>નામદાર સુપ્રિમ કોર્ટ,</u>... (૧) એમ.એસ.અહલ્લાવત વિરૂધ્ધ હરીયાણા એ.આઈ.આર. ૨૦૦૦(સુ.કો.) પેજ નં.૧૬૮, (૨) દોલતરામ વિરૂધ્ધ પંજાબ રાજય એ.આઈ.આર. ૧૯૬૨(સુ.કો.) પેજ નં.૧૨૦૬, (૩) બબીતાલીલા વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા એસ.એલ.પી. (ક્રિમીનલ) ૧૪૭૪/૨૦૧૨, (૪) મુનીઅપ્ન અને બીજા વિરૂધ્ધ તામીલનાડુ રાજય ક્રિમીનલ અપીલ નં.૧૨૭ થી ૧૩૦/૨૦૦૮ તેમજ <u>નામદાર ગુજરાત હાઈકોર્ટે</u>... (૧) બેચરવાલા વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૫૦૯/૨૦૦૧, (૨) કાનજીભાઈ બબલદાસ પટેલ વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૩૪૮/૧૯૯૫, (૩) અરૂણધતી ભટ્ટાચાર્ય વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૧૭૨૮૬/૨૦૧૭, (૪) ગોરધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮(૧) જી.એલ.એચ. પેજ નં.૬૩ ના કેસ લોમાં એવું ઠરાવેલ છે કે,

The provisions of Section 195 Cr.P.C. are mandatory and Non-compliance of it would vitiate the prosecution and all other consequential orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void ab initio being without jurisdiction. નામદાર મહારાષ્ટ્ર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે હલ્લાશેવ વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય ક્રિમીનલ એપ્લીકેશન નં.૪૫૩/૨૦૨૦ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે,

"We are of the opinion that allowing the prosecution to continue would be nothing but an abuse of the process of the Court in as much as there was an express legal bar against the institution of F.I.R.

against an accused based on the police report."

(૫) નામદાર સુપ્રિમ કોર્ટ પંકજ અગ્રવાલ વિરૂધ્ધ દિલ્હી રાજ્ય ૨૦૦૧(૩) ક્રાઈમ્સ(સુપ્રિમ કોર્ટ) પેજ નં.૩૬૧ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે કાંધલ સરમણ જાડેજા વિરૂધ્ધ ગુજરાત રાજ્ય ૨૦૧૯(૨) જી.એલ.આર. પેજ નંબર. ૧૪૬૨ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, જ્યારે ગુના અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પ્લીટ કરી શકાય તેવા હોય સ્વતંત્ર અને એક અલગ જ ગુનો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુનાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુનાને સી.આર.પી.સી. ની કલમ–૧૯૫ નો બાધ નડતો નથી, પરંતુ જ્યારે થયેલ ગુના એકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય, ઈન્ટર કનેકટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુનામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી. કલમ–૧૯૫ નો બાધ નડે છે અને આવા ગુનાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, કમિશ્નરશ્રીના જાહેરનામાંનો ભંગ થતા ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા ગુના થયેલ છે તેવો પોલીસનો કેસ છે. કેસની વિષય વસ્તુ ધ્યાન સમક્ષ રાખતા આ ગુનાઓ એકબીજા સાથે એવી રીતે સ્પષ્ટ સંકળાયેલા છે, એવી રીતે ઈન્ટર કનેકટેડ છે કે, તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી. આથી નામદાર સુપ્રિમ કોર્ટે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત દર્શાવેલા ચુકાદાઓમાં કરેલ અવલોકનો ધ્યાને લેતા હાલના કેસમાં સી.આર.પી.સી. કલમ–૧૯૫ ની કાયદાકીય ફરજીયાત જોગવાઈનો બાધ નડે છે. આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટે વહીવટી બાજુએ સરકયુલર નં.ડી.૨૯૧૨–૧૩/૨૦૧૭, તા.૨૯/૦૭/૨૦૧૭ થી વહીવટી સુચના પણ આપેલી છે. આમ, નામદાર સુપ્રિમ કોર્ટે કે. પ્રભાકર રાવ વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજ્ય તેમજ નામદાર ગુજારત હાઈકોર્ટે ગોવરધનકુમાર ઠાકોરદાસ અસારની વિરૂધ્ધ ગુજરાત રાજ્ય ૨૦૧૮(૧) જી.એલ.એચ. પેજ નંબર. ૬૩ તેમજ રેણુકા વિરૂધ્ધ કર્ણાટકા રાજ્ય ૨૦૦૯ ક્રિમીનલ લો–જનરલ ૨૨૪૫ (સુપ્રિમકોર્ટ) ના ચુકાદા ધ્યાન સમક્ષ રાખી હાલના કેસમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ જાહેર કરવામાં આવે છે.

**::: હુ ક મ :::**

સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી. ની કલમ–૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટની કલમ–૩ મુજબના ગુનાની કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

– અધિકૃત ઓથોરીટીને સી.આર.પી.સી. ની કલમ–૧૯૫(૧) મુજબ યોગ્ય કાર્યવાહી કરવાની સ્વતંત્રતા રહેશે.(એટલે કે, કાયદેસરની જોગવાઈ અનુસરી ફરીથી કેસ દાખલ કરી શકશે.)

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં તા.૧૦મી જુલાઈ સને ૨૦૨૧ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૧૦/૦૭/૨૦૨૧.
**સ્પેશીયલ સીટીંગ**

(ભાવેશકુમાર હીરાલાલ કાપડીયા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૧, અમદાવાદ.
**UID - GJ00687**